બગુમરામાં બે જૂથ વચ્ચે ધીંગાણું

મહાદેવ રેસિડેન્સીમાં સોસાયટીના કાર્યક્રમ અંગે પૂછવા બાબતે લાકડીના ફટકા અને ઢીકાપાટુથી મારામારી

બંને પક્ષના ૭ આરોપી સામે સામસામે ગુનો નોંધાયો

પલસાણા પોલીસે બંને પક્ષના ૭ સામે ગુનો નોંધ્યો હતો, જેમાં કલ્પેશ સોનવણેની ફરિયાદના આધારે મોનુ બિનકટેશ રાય, સંજય રૂપચંદ ચૌધરી, કુશરંજનકુમાર રામાઆશીષ સીંગ અને મૃત્યુંજય રાય વિરુદ્ધ અને મોનુ રાયની ફરિયાદના આધારે કલ્પેશ જીતેન્દ્ર સોનવણે, નાથુરામ મહાલે અને આનંદ સોનવણે વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

પલસાણાઃ પલસાણાના બગુમરા ગામની સીમમાં આવેલી મહાદેવ રેસિડેન્સી-૧માં સોસાયટીના કાર્યક્રમનું આયોજન કરવા જેવી સામાન્ય બાબતે બે પક્ષ વચ્ચે ધીંગાણું થયું હતું.

પ્રથમ ફરિયાદ મુજબ બગુમરા ગામની મહાદેવ રેસિડેન્સી-૧, મકાન નં.૩૨૨ ખાતે રહેતા અને મૂળ કાસોદા, તા.એરંડોલ, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર)ના વતની કલ્પેશ જીતેન્દ્ર સોનવણે (ઉં.વ.૩૧) (ધંધો-સિલાઈ કામ) એ પલસાણા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા.૨૦મીએ બપોરે ૧ વાગ્યાના અરસામાં તેમની સોસાયટીમાં રહેતા મોનુ બિનકટેશ રાય, સંજય રૂપચંદ ચૌધરી, કુશરંજનકુમાર રામાઆશીષ સીંગ અને મૃત્યુંજય રાય દ્વારા સોસાયટીમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે કલ્પેશ સોનવણે, તેમના ભાઈ આનંદ જીતેન્દ્ર સોનવણે તથા સોસાયટીના રહીશ નથુલાલ તુકારામ મહાલે ત્યાં ગયા હતા. તેમણે આયોજક મોનુ રાયને પૂછ્યું હતું કે, તમે સોસાયટીમાં પ્રોગ્રામનું આયોજન કરો તો સોસાયટીના લોકોને જાણ કરી પછી આયોજન કરો. આથી મોનુ રાય, સંજય ચૌધરી, કુશરંજનકુમાર સીંગ અને મૃત્યુંજય રાય એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને જાહેરમાં ગાળો આપવા લાગ્યા હતા. દરમિયાન આવેશમાં આવી ગયેલા મોનુ રાયે હાથમાં રહેલો લાકડાનો ફટકો આનંદ સોનવણેના માથામાં તેમજ શરીરના ભાગે મારી દેતાં તેમને માથામાંથી લોહી વહેવા લાગ્યું હતું. બૂમાબૂમ થતાં સોસાયટીના અન્ય રહીશો એકઠા થઈ જતાં ચારેય આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા. ત્યારબાદ ઈજાગ્રસ્ત આનંદ સોનવણેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક ચલથાણ ખાતે આવેલી સંજીવની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

સામા પક્ષે મહાદેવ રેસિડેન્સી-૧, મકાન નંબર ૪૭૫ ખાતે રહેતા અને મૂળ બલીગાંવ, તા.જગદીશપુર, જિ.આરા, બિહારના વતની મોનુ બિનકટેશ રાય (ઉં.વ.૨૯) (ધંધો-મજૂરી) એ વળતી ફરિયાદ નોંધાવી હતી. તેમની ફરિયાદ મુજબ તેઓ તથા સંજય ચૌધરી, કુશરંજનકુમાર સીંગ અને મૃત્યુંજય રાય સોસાયટીમાં પ્રોગ્રામના આયોજન સ્થળે હાજર હતા. તે સમયે સોસાયટીના કલ્પેશ જીતેન્દ્ર સોનવણે, નાથુરામ મહાલે અને આનંદ સોનવણે ત્યાં આવ્યા હતા અને લોકોને જાણ કર્યા વગર આયોજન કેમ કર્યું? કહી ઉગ્ર બોલાચાલી કરવા લાગ્યા હતા. ગાળાગાળી વધતાં મામલો મારામારી પર પહોંચ્યો હતો, જેમાં આનંદ સોનવણેએ મૃત્યુંજય રાયના માથામાં લાકડી ફટકારી દેતાં તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ ઉપરાંત ત્રણેય આરોપીએ ભેગા મળી અન્ય લોકોને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ ઝપાઝપીમાં આનંદ સોનવણેને પણ ઈજા પહોંચી હતી. સોસાયટીના લોકો વચ્ચે પડતાં મામલો થાળે પડ્યો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ મોકલાયા હતા.

કામરેજમાં માનસિક તણાવમાં મહિલાએ ફાંસો ખાઈ લીધો

કામરેજઃ મૂળ ઉત્તરપ્રદેશઅને હાલ કામરેજની લક્ષ્મીધારા સોસાયટીમાં મકાન નં.ડી-91માં મંગલસિંહ બિશ્રામસિંહ પત્ની કુસુમાસિંહ તેમજ બે સંતાનો સાથે રહે છે. મંગળવારે સવારે નોકરી પર ગયા હતા. પુત્રી સ્કૂલે જતી રહી હતી. સાંજે 4 કલાકે પુત્રી સ્કૂલેથી ઘરે આવતાં માતાએ દરવાજો ન ખોલતાં પુત્રીએ પિતાને ફોન કરીને જાણ કરતાં મંગલસિંહ ઘરે આવીને રૂમની બારી ખોલીને જોતા કુસુમાસિંહે પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હોવાથી કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરતાં મરનાર કુસુમાસિંહની છેલ્લા સાત માસથી માનસિક બીમારીની દવા ચાલતી હોવાથી સત્તત તણાવમાં રહેતી હોવાથી આપઘાત કર્યો હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

માંડવીના વશી ફળિયા ખાતે દશેરા નિમિત્તે ક્ષત્રિય પૂજન સંપન્ન

હિતેશ પટેલ

માંડવીઃ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પર્વ વિજયાપંચમી (દશેરા)ના પાવન અવસરે માંડવી નગરના વશી ફળિયા (રાજપૂત ફળિયુ) ખાતે ભવ્ય ક્ષત્રિય પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમમાં ક્ષત્રિય સમાજ દ્વારા એકતા, સંસ્કાર અને રાષ્ટ્રીય સંઘના સંકલ્પ સાથે દશેરાની ઉજવણી કરવામાં આવી હતી. માંડવી નગર રાજપૂત સમાજના પ્રમુખ તથા પાલિકાના ઉપપ્રમુખ પ્રવીણસિંહ ઓટોના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અને પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે કરાયેલા આ પૂજનમાં ધાર્મિક આસ્થા અને પરંપરાનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સમાજમાં પરસ્પર ભાઈચારો, સંસ્કાર અને રાષ્ટ્રભાવના મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો.

ઘલુડી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ સંભારણા દિવસનો કાર્યક્રમ

વિશાલ પટેલ

કામરેજ: 21 ઓક્ટોબર પોલીસ સંભારણા દિવસ (પોલીસ શહીદ દિન) નિમિત્તે સુરત જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર ઘલુડી ખાતે શહીદ વીર જવાનોની સ્મૃતિમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશ અને રાજ્યની સુરક્ષા તેમજ કાયદો-વ્યવસ્થા જાળવવા ફરજ દરમિયાન પોતાના સર્વોચ્ચ બલિદાન આપનાર પોલીસ જવાનોની શહાદતને આ પ્રસંગે ગૌરવભેર યાદ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રેન્જ આઈજીપી પ્રેમવીર સિંહ,કલેક્ટર તેજસ પરમાર તેમજ જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત ઉચ્ચ અધિકારીઓએ શહીદ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી દેશના વીર જવાનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

બારડોલીના લોટ્સ ગ્રુપનું સરદાર સ્મારક હોસ્પિટલને માતબર યોગદાન

બારડોલી: સામાજિક જવાબદારી અને માનવસેવાના ઉમદા હેતુને સાકાર કરવાના પ્રયાસરૂપે બારડોલીના લોટ્સ ગ્રુપના આયોજકો નવરાત્રિ દ્વારા જે આવક ઊભી થાય તેમાંથી દર વર્ષે સેવાકીય પ્રવૃત્તિ કરતા આવ્યા છે. ત્યારે આ વર્ષે સરદાર સ્મારક હોસ્પિટલને 5,55,555 (અંકે રૂપિયા પાંચ લાખ પંચાવન હજાર પાંચસો પંચાવન)ની માતબર રકમનું યોગદાન આપવામાં આવ્યું હતું. બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, ભાવેશભાઈ પટેલ (બાબેન), બારડોલી નગર પ્રમુખ અનંતભાઈ જૈન, નિસર્ગ મહેતા અને તેમની આ સેવાભાવી યુવા ટીમની પહેલ દ્વારા ગ્રુપે ધાર્મિક ઉત્સવોની ઉજવણીની સાથે સમાજહિત અને આરોગ્યસેવાને પણ પ્રાધાન્ય આપવાનો સરાહનીય સંદેશ આપ્યો છે. બારડોલીના લોટ્સ ગ્રુપ નવરાત્રી દ્વારા હોસ્પિટલને આપવામાં આવેલું આ યોગદાન સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવાની દિશામાં એક પ્રશંસનીય પગલું છે. શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ આરોગ્યસેવા સાથે સંકળાયેલી સંસ્થા હોવાથી તેને આપવામાં આવતું આર્થિક યોગદાન હોસ્પિટલની સેવાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા અને આરોગ્યલક્ષી સુવિધાઓને વધુ મજબૂત બનાવવામાં ઉપયોગી બની શકે છે.

સાયણમાં એસિડ પીતા વૃદ્ધનું મોત

સાયણ: મૂળ ઓરિસ્સાના ગંજામનો શ્રમિક સંતોષ લોકનાથ ગૌડા (ઉં.વ.૬૦) હાલ સાયણની આદર્શનગર-૩માં પરિવાર સાથે રહેતો હતો. તે સંતોષ લોકનાથ ગૌડા (ઉં.વ.૬૦) હાલ સાયણની આદર્શનગર-૩ સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. એ સાયણમાં રાધે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના સીયારામ ટેક્સટાઈલમાં મજૂરીકામ કરતો હતો. દરમિયાન તેની પત્ની અને પુત્ર તેનાથી અલગ રહેવા ચાલ્યા જતાં વૃદ્ધ સતત માનસિક તાણ અનુભવી રહ્યો હતો. જેથી સંતોષ ગૌડાએ ગત તા.૧૮ના રોજ રાત્રે એસિડ ગટગટાવતાં સારવાર અર્થે સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

કામરેજમાં પત્નીના અવસાનના વિરહમાં પતિનો આપઘાત

કામરેજઃ મૂળ અમરેલી જિલ્લાના થોરડી ગામના વતની અને હાલ કામરેજ તાલુકાના કામરેજ ગામની હદમાં કેનાલ રોડ પર આવેલી રોયલ રેસિડન્સીમાં શ્રી હરિ એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે ફ્લેટ નંબર 303માં રહેતા પ્રવીણ પ્રાગજી ચુડાસમા (ઉં.વ.35)ની પત્નીનું દોઢ વર્ષ અગાઉ અવસાન થઈ જતાં માનસિક રીતે બીમાર થઈ ગયા હતા. મંગળવારના રોજ ઘરમાં પ્રવીણભાઈ એસિડ પી જતાં પુત્રી તૃપ્તિબેને કાકાને જાણ કરીને સારવાર માટે 108માં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન પ્રવીણભાઈનુ મોત નીપજ્યું હતું. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કામરેજના વાવ પાસે ટાયર ફાટી જતાં પિકઅપ પલટી

કામરેજ: કામરેજના વાવ ગામની હદમાં અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નં.48 પર કાપડ ભરેલી પિકઅપનું ટાયર ફાટી જતાં પલટી મારી ગઈ હતી. સદનસીબે કોઈને જાનહાનિ થઈ ન હતી. તેમજ કામરેજ ચાર રસ્તા પર ઓવરબ્રિજ પર પણ યાર્ન ભરેલો ટેમ્પો પલટી મારી ગયો હતો. આ બંને ઘટનામાં કોઈને પણ જાનહાનિ થઈ ન હતી. બંને ઘટના બનતાં સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે બંને વાહનોને ક્રેઇનની મદદથી ઊભા કરીને ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો. **(તસવીર : વિશાલ પટેલ)**

કાંકરીયામાં ગેસ લીકેજ બાદ સ્વીચ પાડતાં જ વિકરાળ આગ

રૂ.3.50 લાખનો સામાન બળીને ખાખ, મંડપનાં સાધનો અને ઘાસચારો સળગી ગયો

અનાવલઃ અંબિકાના કાંકરીયા ગામે મકાનમાં ગેસ ગળતર બાદ અચાનક આગ ભભૂકી ઊઠતાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ઘરમાં રાખવામાં આવેલી ઘરવખરી, મંડપ બાંધવાનાં સાધનો અને ઘાસચારો બળીને ખાખ થઈ જતાં અંદાજે રૂ.3.50 લાખનું મોટું નુકસાન થયું છે.

કાંકરીયા ગામના સનાઈમોરા ફળિયામાં રહેતા અને મજૂરીકામ કરતા મિતેશભાઈ મનુભાઈ પટેલ (ઉં.વ.૪૨)ના ઘરમાં ગત તા.૨૦/૧૦/૨૦૨૬ના રોજ સાંજે આશરે ૧૭:૩૦ વાગ્યાના અરસામાં ગેસનો બાટલો લીકેજ થયો હતો. દરમિયાન લાઈટનો બલ્બ સળગાવવા માટે સ્વીચ પાડતાં જ અકસ્માતે વિકરાળ આગ લાગી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી ગઈ હતી કે ઘરમાં મૂકેલી તમામ ઘરવખરીનો સરસામાન, પશુઓ માટે રાખેલો સૂકો ઘાસચારો તેમજ મંડપ બનાવવાનાં સાધનો અને મંડપ બાંધવાનાં કાપડો સળગીને ભસ્મીભૂત થઈ ગયાં હતાં. આ અકસ્માતમાં કુલ રૂ.૩,૫૦,૦૦૦નું નુકસાન થયું છે. આ ઘટના સંદર્ભે અનાવલ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વાલોડમાં ચોમાસા બાદ માર્ગોની સ્થિતિ સુધારવા સમારકામનો ધમધમાટ

આરએન્ડબી પેટા વિભાગ દ્વારા જંગલ કટિંગ અને કલરકામની કામગીરી

અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ: ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું ઝડપી રિપેરિંગ

વાલોડઃ તાપી જિલ્લામાં ચોમાસા બાદ માર્ગોની સ્થિતિ સુધારવા તેમજ વાહનચાલકો અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા બાંધકામ માર્ગ અને મકાન પેટા વિભાગ, વ્યારા દ્વારા પોસ્ટ મોન્સૂન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ચોમાસામાં માર્ગો પર સર્જાયેલી ક્ષતિઓનું નિરીક્ષણ કરી જરૂરી સ્થળોએ સમારકામની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત માર્ગની બાજુમાં આવેલ શોલ્ડર તથા માર્ગ કિનારાની જાળવણી, માર્ગની બંને બાજુ જંગલ કટિંગ અને ઝાડને ગેરુ-ચૂનાનું રંગકામ જેવી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. માર્ગ સલામતીને પ્રાથમિકતા આપીને માર્ગ સલામતીનાં સાધનોની ચકાસણી અને જાળવણી પર પણ ભાર મૂકવામાં આવી રહ્યો છે. સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સ્થળોએ સમારકામ અને જાળવણીની કામગીરી સુચારુ રીતે થાય તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ કામગીરીનો મુખ્ય હેતુ માર્ગોને વધુ સુરક્ષિત અને સુગમ બનાવવા, વાહનચાલકોને સલામત મુસાફરીની સુવિધા પૂરી પાડવા તથા માર્ગ અકસ્માતનું જોખમ ઘટાડવામાં સહાયરૂપ થવાનો છે.

મેણપુર ગામમાં દીપડાનો આતંક: બે બકરીનો શિકાર

વન વિભાગ આ બાબતે તાત્કાલિક તપાસ કરે, નુકસાનનું વળતર આપે તેવી ગ્રામજનોની માંગ

કુકરમુંડાઃ કુકરમુંડાના મેણપુર ગામમાં દીપડાએ બે બકરીઓનો શિકાર કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાને પગલે ગામના પશુપાલકો અને ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પશુધનની સુરક્ષાને લઈને ચિંતિત ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી છે. મળતી માહિતી મુજબ મેણપુર ગામના રહેવાસી સુકલાલભાઈ મગનભાઈ વસાવાના ઘરમાં બાંધેલી બે બકરીનો ગત રાત્રે આશરે 11 વાગ્યાના સુમારે દીપડાએ શિકાર કર્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

એક જ સ્થળે બે બકરીનો શિકાર થતાં પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે. ટનાને પગલે ખાસ કરીને રાત્રિના સમયે પશુધન અને પરિવારની સુરક્ષાને લઈને ગ્રામજનોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો દ્વારા વન વિભાગને ઘટના સ્થળે તાત્કાલિક તપાસ કરવા, દીપડાની હાજરી અંગે જરૂરી પગલાં ભરવા, અસરગ્રસ્ત પશુપાલકના નુકસાનનું મૂલ્યાંકન કરી નિયમ મુજબ વળતર ચૂકવવા અને દીપડાને પકડવા માટે યોગ્ય સ્થળે પાંજરું ગોઠવવાની માંગ કરવામાં આવી છે.

માણેકપુર પાસે બેકાબૂ ટેમ્પોએ બાઈક-રિક્ષાને ટક્કર મારતાં એકનું મોત

છકડો રિક્ષામાં સવાર બે મહિલાને ઈજા

વ્યારાઃ ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે પર માણેકપુર ગામની સીમમાં ટેમ્પો, રિક્ષા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતાં બાઈક ચાલકનું સુરત હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ ગત તા.19-10-2026ના રોજ બપોરના આશરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં મહિન્દ્રા પીકઅપ ગાડી નં.(GJ 05 CU 2412)ના ચાલક મહંમદ ઈમરાન મહંમદ ઈઝરાયલ સિદકી (ઉં.વ.24) (હાલ રહે.,ભાગળ ચાર રસ્તા, ડબગરવાડ, રાણી તળાવ, સુરત, મૂળ રહે.,ઉત્તર પ્રદેશ)એ પિકઅપ પૂરઝડપે હંકારી સામેથી આવતી મોટરસાઈકલ નં.(GJ 26 AL 8759)ને તેમજ રોડ બાજુમાં ઊભેલા છકડો રિક્ષા નં.(GJ 19 X 1258)ને અડફેટે લીધી હતી. દરમિયાન બાઈક ચાલક કિશનભાઈ વિશ્વાસભાઈ વળવી (ઉં.વ.25) (રહે.,નારણપુર ગામ, મોટી નિરગુડી ફળિયું, તા.ઉચ્છલ)ને શરીરે ગંભીર ઈજા થતાં સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

જ્યાં સારવાર દરમિયાન કિશનનું મોત નીપજ્યું હતું. જ્યારે છકડો રિક્ષામાં સવાર બે મહિલાને ઈજા પહોંચી હતી. જે અંગે ઉચ્છલ પોલીસે મૃતક યુવકના પિતાની ફરિયાદ લઈ પિકઅપ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કુકરમુંડા તા. કુકરમુંડા, જી. તાપીમાં તા. ૧૨/૧૦/૨૦૨૬ ના રોજથી સવારે ૧૧.૦૦ કલાકે માર્કેટ યાર્ડમાં ખરીદ-વેચાણની શરૂઆત થઈ ગઈ છે. તેથી તમામ ખેડુતભાઈઓએ પોતાની ખેત ઉપજને માર્કેટ યાર્ડમાં લાવી ખૂલ્લી હરાજીમાં ભાગ લેવા બજાર સમિતિના સેક્રેટરીશ્રી તથા તમામ સભ્યશ્રીઓ તરફથી આહવાન કરવામાં આવે છે.

Milano
MULTIPLEX
બારડોલી

Drishyam:The Conclusion
12:00pm, 06:00pm

Rajni The Jailer 2
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

Nayyi Navelli - 04:00pm

Street Fither - 11:00am, 05:00pm

Prahar The Untold Of Ujjwal Nikam - 02:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

ટીંબા પાસે યુવકની દવા પીધેલી હાલતમાં લાશ મળી

કામરેજઃ મૂળ અમરેલીના રામપર ગામના વતની અને હાલ કતારગામના આંબા તલાવડી ખાતે હરિધામ સોસાયટીમાં ઘર નંબર-85માં રહીને એમ્બ્રોઈડરી મશીન ચલાવતાં આશિષ ભૂપત વસોયા (ઉં.વ.42)એ બે દિવસ અગાઉ કોઈના ફોન ન ઉપાડતાં સંબંધીઓ દ્વારા શોધખોળ કરાઈ હતી. કામરેજના ટીંબા ગામની હદમાં ગલતેશ્વર મંદિરથી દિગસ જતાં રોડ પર રાત્રિના આશરે 10.30 કલાકે આશિષ વસોયાની બાઈક નં.(જીજે 05 એફટી 8669) મળી આવતાં તપાસ કરતાં શેરડીના ખેતરના સેઢા પર મૃત હાલતમાં મળી આવતાં કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ કરતાં યુવકે દવા પી આપઘાત કર્યો હતો. યુવકને છેલ્લાં 13 વર્ષથી હાઈ સુગરની દવા પણ ચાલતી હતી.

જાહેર નોટીશ

જત આથી અમો કિરણસિંહ આઈ. પરમાર એડવોકેટ તે અમારા અસીલશ્રી ૧. મહેન્દ્રસિંહ મહોબતસિંહ વાંસીયા, રહે. મુ.પો. લીંબાડા, તા. માંગરોળ, જિ. સુરત હાલ રે. વિદેશ આ જાહેર નોટિસ આપવાની સ્પષ્ટ સુચના હમોને આપેલ હોય તેઓની સ્પષ્ટ સુચના અને ફરમાઈશ અન્વયે આ જાહેર નોટિસ આપતા જણાવીએ છીએ કે,

ડિ. સુરત, તા. માંગરોળ, મોજે ગામ લીંબાડાની બ્લોક નં. ૨૭૦, સર્વે નં. ૩૮૭, ૩૯૩, ૩૯૫/૧, ખાતા નં. ૧૭૬ જેનું કુલ ક્ષેત્રફળ ૩-૦૯-૧૮ હે.આરે.ચો.મી., આકાર ૨૦.૮૧ અને બ્લોક નં. ૬૦૨, સર્વે નં. ૮૬૪, ખાતા નં. ૧૭૬ જેનું કુલ ૦-૨૮-૫૪ અને આકાર રૂ. ૩-૩૭ વાળી મહેન્દ્રસિંહ મહોબતસિંહ વાંસીયાના સંયુક્ત માલિકી કબજા ભોગવટાવાળી ખેતીની જમીન ચાલી આવેલ છે, તેઓએ કોઈને સદરહુ જમીન બાબતે કોઈ લેખિત લખાણ કે પાવર ઓફ અટ્રોની લખી આપેલ હોય તો સદર જાહેર નોટિશ એ તમામ રદ બાતલ કરીએ છીએ.

સદર જમીનમાં ખેતી કરી ઉત્પાદન નહીં કરવાની કોઈપણ વ્યકિતને સૂચના આપેલ નથી. કે અમારી જમીનમાં અમો માલિકો સિવાય કોઈએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રવેશ કરવો નહીં તેવી સદર નોટિશથી જાહેર જનતાને જણાવીએ છીએ. તેમજ આજદિન કરારો કે વ્યવહારો કોઈને પણ કરી આપેલ હોય તો તે મૂળ માલિકોને કોઈપણ પ્રકારે કબુલ, મંજુર કે બંધનકર્તા ન હોય કોઈએ પણ સદર જમીનો પરત્વે તેવા કોઈપણ કરારો કે વહેવારો ઉપરોક્ત ઈસમો સાથે કરેલ હોય તો દિન-૭ માં દસ્તાવેજી પુરાવા સહિત અમારા અસીલનો રૂબરૂ સંપર્ક કરવો. સદર જમીન પરત્વે કોઈપણ વ્યકિત સાથે કરેલ કોઈપણ કરાર કે વહેવાર બદલ મૂળ માલિકો કોઈપણ પ્રકારે જવાબદાર નથી જેની લાગતા વળગતા સહુએ તથા જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી. મારી સૂચના અને ફરમાઇશ અન્વયે

તારીખ: ૧૬/૦૬/૨૦૨૬

મારી સુચના અને ફરમાઈશ અન્વયે

૧. ....

મહોબતસિંહ વાંસીયા

મુ.પો. નંદાવ, રજપૂત ફળીયુ,
તા. માંગરોલ, વાયા : હથુરણ,
જી. સુરત.-પીન-૩૯૪૧૨૫ મો. ૯૯૮૦૮ ૯૦૫૩૬

કિરણસિંહ આઈ. પરમાર
એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

જત અમારા અસીલ તરફે મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

ગામ/ તાલુકો/ જિલ્લો	બ્લોક નંબર	હે.આરે. ચો.મી.
કણાવ/પલસાણા/સુરત	૨૭૩	૧-૧૯-૩૮

ઉપરોક્ત જમીન બલ્લુભાઈ ભીમાભાઈ, પાર્વતિબેન તે ભીમા પરભુની છોકરી, જશુબેન તે ભીમા પરભુની છોકરી, કમળાબેન વલ્લભભાઈ, ભાવનાબેન વલ્લભભાઈ, સુનીલભાઈ વલ્લભભાઈ, મનુબેન ખંડુભાઈ પટેલ, નીલમબેન ખંડુભાઈ પટેલ, ગૌરવકુમાર ખંડુભાઈ પટેલ, નીતાબેન જીગરકુમાર પટેલ, સગીર ધ્વનીલકુમાર જીગરકુમાર પટેલ, સગીર યશકુમાર જીગરકુમાર પટેલ, સગીર શ્રેયાકુમારી રાજુભાઈ પટેલ, સગીર કુશકુમાર રાજુભાઈ પટેલ વિગેરે ના સંયુકત નામે ચાલે છે. તેમણે સદરહુ મિલકત પોતાની કુલ માલીકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી ટુંક સમયમાં વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકતના કાયદેસરના પાકા લખાણો તથા પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહુ મિલકતના કોઈપણ હકક- હિત- હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાના કોઈપણ પ્રકારનાં લાગ-ભાગ, હકક-હિત-હિસ્સા, વંશ, વાલી, વારસોના સંબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેના લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો નથી કે સબંધ નથી તેમ ગણી, અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે તેમ ગણી કાયદેસરનો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે અને ત્યારબાદ તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ અને કરવા-કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

૧૧૯, પહેલો માળ, રાજ કોમ્પ્લેક્ષ,
મુ.પો. ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત
મો.નં. 98258 70753

ધર્મેશ ટી. કંથારીયા
એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના, તાલુકા પલસાણાના ગામ મોજે ચલથાણના બ્લોક નંબર : ૯ વાળી રહેઠાણના હેતુ માટે એન.એ. થયેલી જમીનમાં આવેલ "ક્રિષ્નાપાર્ક" ના નામે ઓળખાતી યોજનામાં આવેલા એ-ટાઈપનાં પ્લોટો પૈકી પ્લોટ નંબર : એ-૭, જેનો કે.જે.પી. બાદ બ્લોક/સર્વે નંબર : ૯/પૈકી એ/૭ વાળી ગ્રાઉન્ડ ફલોરના બાંધકામવાળી મિલ્કતના માલિક ભાવસાર કિરણબેન જીજ્ઞેશ ચાલી આવેલ છે. તેઓ હમારા અસીલ બેંક કનેથી ધીરાણ મેળવેલ છે. પરંતુ, હાલના માલિકએ તા. ૦૭.૦૯.૨૦૨૬ ના રોજ અનુક્રમ નંબર : ૧૦૧૨૬ થી નોંધાયેલ અસલ બીન અવેજી સુધારાનો યાને ચુક દુરસ્તીનો દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. જેથી, સદર ગેરવલ્લે થયેલ અસલ બીન અવેજી સુધારાનો યાને ચુક દુરસ્તીનો દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચ તથા સદરહુ મિલ્કતના ટાઈટલ સંદર્ભે કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, દરદાવો કે લાગભાગ કે કોઈપણ બેંક કે નાણાંકીય સંસ્થાનો ચાર્જ, બોજો યા લીયન હોય તે અંગેના આધારભૂત દસ્તાવેજો દિન-૫ માં મારા નીચે જણાવેલ સરનામે રજૂ કરી ખાતરી કરાવશો. સબબ, ઉપરોકત મુદતમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા નહિં આવે તો અમો તરફથી સદરહુ મિલ્કત અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને હમારા અસીલ બેંક ધિરાણની આગળની કાર્યવાહી કરશે અને તે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં જેની સર્વેએ આ જાહેર નોટીસથી નોંધ લેવી.

તારીખ : ૨૨/૧૦/૨૦૨૬
ઓફિસ : ૧૦૫, પહેલો માળ, શુભમ કોમ્પલેક્ષ,
આનંદ હોસ્પિટલની નજીક, પોર મહોલ્લો,
નાનપુરા, સુરત-૩૯૫૦૦૧
Mo.No. 9913565889

યોગેશ આઈ. પટેલ
તે ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી.
ના એડવોકેટ